**ક્રિમીનલ ઈન્કવાયરી નં.૩૫/૨૦૦૫**

**આંક–૧ લગત હુકમઃ**

ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૦, ૪૦૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ દાખલ કરવામાં આવેલ.

સદર ફરિયાદના કામે ફરિયાદીનું વેરીફિકેશન નોંધવામાં આવેલ અને સદર ફરિયાદના કામે તપાસ થવી જરૂરી જણાતી હોઈ, અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા ફરિયાદ પોલીસ તપાસમાં મોકલવા સારૂ તા.૧૪/૦૨/૨૦૧૮ ના રોજ હુકમ કરવામાં આવેલ. જેનો તપાસ કરનાર અમલદાર દ્વારા તા.૧૨/૦૬/૨૦૨૬ ના રોજ તપાસ રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે. જેમાં ફરિયાદીના પતિએ જણાવેલ છે કે, "હાલમાં તેઓના પત્ની(ફરિયાદી) શારદાબેન હયાત ના હોય અને આરોપી રમણજી સેંધાજીનાઓ પણ હયાત નથી. જેથી, આ અરજી સ્થગિત કરવા અને આ જમીન બાબતે તેમના દિકરાથી અલગથી અરજી કરીશું" તેમ જણાવેલ છે. વધુમાં, તપાસ કરનાર અધિકારી નાસ્મેદ ગામે સામાવાળા રમણજી સેંધાજી ઠાકોરના ઘરે જઈ તપાસ કરતાં તેઓ અવસાન પામેલ છે અને રમણજી સેંધાજીના દિકરા ગણપતજી રમણજી ઠાકોરનું તે બાબતે નિવેદન લેવામાં આવેલ છે તથા અવસાનનો દાખલો પણ રીપોર્ટ સાથે સામેલ છે.

વધુમાં, સદર ફરિયાદના કામે ફરિયાદીના વિ.વ.શ્રી દ્વારા ફરિયાદી શારદાબેન નાથાજીનો મરણનો દાખલો રજુ રાખવામાં આવેલ છે. જે આ કામે આંક–.......... થી સામેલ છે.

ઉપરોક્ત ફરિયાદની હકીકતો, તપાસ કરનાર અધિકારીશ્રીનો રીપોર્ટ તથા રજુ થયેલ સાહેદોના નિવેદનો તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારીના રીપોર્ટને ન માનવાને કોઈ કારણ નથી. ત.ક.અધિકારીનો રીપોર્ટ ધ્યાને લેતાં રજુ થયેલ નિવેદનો ધ્યાને લેતાં ફરિયાદીની ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ,

સમગ્ર રીતે જોતાં આરોપીઓ વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા જેટલો પુરાવો જણાઈ આવતો નથી. તેવા સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

➔ સદરહું ફરિયાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૩ મુજબ રદ્દ કરવાનો આથી હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૨** માહે **જૂન,** સને **૨૦૨૬** ના રોજ જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૧૨/૦૬/૨૦૨૬<br>સ્થળઃ કલોલ. | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી )**<br>**અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**<br>**મુ. કલોલ, જી. ગાંધીનગર.**<br>**UIC No. GJ 00894** |